Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 3 • Issue :11 • Date : 03-07-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### ડોનાલ્ડ ટ્રમ્પ અને એલન મસ્ક વચ્ચે વિવાદ વધ્યો : ટેસ્લાની સબસિડિ બંધ કરી દઈશું

## ધંધો બંધ કરીને પાછું સાઉથ આફ્રિકા ભાગવું પડશે : ટ્રમ્પ



વોશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિશ્વાસુ ગણાતા ઉદ્યોગપતિ ઈલોન તેમને આડકતરી રીતે ધમકી આપી છે અને કહ્યું હતું કે તેમને 'પોતાની દુકાન બંધ કરવી પડી શકે છે'. ચૂંટણી પછી અમેરિકન વહીવટમાં મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળ્યા પછી ટ્રમ્પ અને મસ્ક વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ. આનું કારણ ઈફ એટલે કે ઈલેક્ટ્રોનિક વાહનો અંગેની નીતિ હોવાનું કહેવાય છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ મીડિયા પર લખ્યું- રાષ્ટ્રપતિ તરીકે મારો પ્રચાર કરતાં પહેલાં ઈલોન મસ્ક જાણતો હતો કે હું ઈવી મેન્ડેટના સખત વિરોધમાં છું. આ બકવાસ છે અને હંમેશાં મારા પ્રચાર અભિયાનનો ભાગ રહ્યો હતો. ઈલેક્ટ્રિક કાર ઠીક છે, પરંતુ બધાને એક જ કાર ખરીદવા માટે મજબૂર ના કરી શકાય. ઈલોનને ઈતિહાસમાં કોઈપણ વ્યક્તિ કરતાં વધુ સબસિડી મળી શકી હોત, અને સબસિડી વિના તો ઈલોનને કદાચ પોતાની દુકાન બંધ કરીને દક્ષિણ આફ્રિકા પાછા ફરવું પડ્યું હોત. તેમણે આગળ લખ્યું, 'રોકેટ લોન્ચ નહીં થાય, ઉપગ્રહો કે ઈલેક્ટ્રિક કારનું ઉત્પાદન નહીં થાય અને આપણા દેશને ઘણા પૈસા બચશે. કદાચ ડ્ઢઈ એ આ અંગે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. ઘણા પૈસા બચશે.'

એક દિવસ પહેલાં જ મસ્કે ટ્રમ્પ સરકારના બિલ પર વાંધો ઉઠાવ્યો હતો અને નવી પાર્ટી બનાવવાનો સંકેત આપ્યો હતો. મસ્કે જણાવ્યું હતું કે 'બકવાસ બિલ'માં રેકોર્ડ પાંચ લાખ કરોડ ડોલરની દેવાંની મર્યાદામાં વધારો સામાન્ય અમેરિકનોને ખૂબ નુકસાન પહોંચાડશે. તેમણે લખ્યું, 'આ બિલના વાહિયાત ખર્ચથી સ્પષ્ટ થાય છે કે દેવાંની મર્યાદાને રેકોર્ડ પાંચ ટ્રિલિયન ડોલર સુધી વધારીને આપણે એક પાર્ટીવાળા દેશમાં રહીએ છીએ - પોર્કી પિગ પાર્ટી! હવે એક નવો રાજકીય પક્ષ બનાવવાનો સમય છે, જે ખરેખર લોકોની ચિંતા કરે છે.'તેમણે દલીલ કરી હતી કે આ બિલ સાબિત કરે છે કે ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન એક જ 'પોર્કી પિગ પાર્ટી'નો ભાગ છે, જે સામાન્ય અમેરિકનોના હિત કરતાં નકામા ખર્ચને પ્રાથમિકતા આપે છે. યુએસ પ્રમુખ ટ્રમ્પના ભૂતપૂર્વ સમર્થક મસ્કે કહ્યું હતું કે નવો રાજકીય પક્ષ એવા અમેરિકનોનું પ્રતિનિધિત્વ કરશે, જેઓ વર્તમાન બે-પક્ષીય પ્રણાલીથી વંચિત અનુભવે છે. તેમણે અગાઉ પણ ધમકીઓ આપી છે.

ખાસ વાત એ છે કે ટ્રમ્પે ટ્રુથ સોશિયલ દ્વારા મસ્કને અબજો ડોલરના સરકારી કરારો અને સબસિડીઓ સમાપ્ત કરવાની ધમકી આપી હતી. જવાબમાં મસ્કે તેમના પર ઉપકાર ભૂલી જવાનો આરોપ લગાવ્યો. મસ્કે કહ્યું હતું કે તેમના સમર્થન વિના ટ્રમ્પ 'ચૂંટણી હારી ગયા હોત'. તેમણે ટ્રમ્પ પર મહાભિયોગ પણ શરૂ કર્યો હતો અને સંકેત આપ્યો હતો કે તેઓ નાસા દ્વારા ઉપયોગમાં લેવાતા સ્પેસએક્સના ડ્રેગન અવકાશયાનને તોડી પાડશે. ખાસ વાત એ છે કે મસ્કે એવો પણ દાવો કર્યો છે કે ટ્રમ્પનું નામ એપ્સ્ટેઈન ફાઈલોમાં છે, જોકે બાદમાં તેમણે આ આરોપો પાછા ખેંચી લીધા હતા. ટ્રમ્પે મસ્ક પર નિશાન સાધ્યું અને કહ્યું હતું કે **DOGE** એ કદાચ મસ્કને મળેલી સરકારી સબસિડી અને કોન્ટ્રેક્ટની તપાસ કરવી જોઈએ અને એમાં કાપ મૂકવો જોઈએ. ઘણા પૈસા બચી જશે! તમને જણાવી દઈએ કે ટ્રમ્પનું આ નિવેદન મસ્કની એ પોસ્ટ પછી આવ્યું છે, જેમાં મસ્કે ટ્રમ્પના બિગ બ્યૂટિફુલ બિલની ટીકા કરી હતી અને કહ્યું હતું કે જો આ બિલ ગૃહમાં પસાર થશે તો તે એક નવો રાજકીય પક્ષ બનાવશે.

## તણાવ વચ્ચે UNSCમાં પાકિસ્તાન બન્યું અધ્યક્ષ

એજન્સી દ્વારા

ઈસ્લામાબાદ

ભારત સાથે તણાવ વચ્ચે પાકિસ્તાન યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલ નું અધ્યક્ષ બન્યું છે. ૧ જુલાઈ, ૨૦૨૫થી આગામી બે વર્ષ માટે પાકિસ્તાન યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલનું નેતૃત્વ કરશે. જાન્યુઆરી, ૨૦૨૫માં જ પાકિસ્તાનની સિક્યોરિટી કાઉન્સિલના ટેમ્પરરી મેમ્બર તરીકે પસંદગી થઈ હતી. તેને ૧૯૩માંથી ૧૮૨ મત મળ્યા હતાં. તમને જણાવી દઈએ કે, સિક્યોરિટી કાઉન્સિલના અધ્યક્ષનું પદ માસિક ધઓરણે ૧૫ સભ્યો વચ્ચે બદલાતું રહે છે.

પાકિસ્તાનના રાજદૂત આસિમ ઈફ્તિખાર અહમદે મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, પાકિસ્તાનની લીડરશીપ પારદર્શી, સમાવેશી અને ઉત્તરદાયી રહેશે. જુલાઈમાં અમે વૈશ્વિક મુદ્દાઓ પર બેઠકોનું નેતૃત્વ કરીશું. જટિલ જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ, વિશ્વમાં વધતી અસ્થિરતા અને આંતરરાષ્ટ્રીય શાંતિ તથા સુરક્ષા માટે જોખમો, સંઘર્ષો અને માનવીય સંકટો દૂર કરવા મામલે અમને સંપૂર્ણ જાણકારી છે. અમે તે મામલે ધ્યાન આપીશું.જુલાઈમાં પ્રમુખ પદ સંભાળ્યા બાદ પાકિસ્તાન બહુપક્ષીયતા અને વિવાદોના શાંતિપૂર્ણ નિરાકરણ અને યુએન-ઈસ્લામિક કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સહયોગ પર બે ઉચ્ચ-સ્તરીય કાર્યક્રમોનું આયોજન કરશે. અહમદે જણાવ્યું હતું કે, આ થીમ્સ બહુપક્ષીયતા, નિવારક વ્યૂહનીતિ, આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે પ્રાદેશિક સંગઠનો સાથે સહયોગ જેવી સહિયારી પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે. વધુમાં પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અને આફ્રિકા, યુરોપ, એશિયા અને લેટિન અમેરિકામાં વિકાસ સહિત મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

રાજદૂત ઈફ્તિખાર યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસને મળ્યા હતાં. તેમણે જુલાઈમાં સિક્યોરિટી કાઉન્સિલની કાર્ય યોજના વિશે માહિતી આપી હતી. તેમણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, એક દેશ તરીકે જે સતત સંવાદ અને વ્યૂહનીતિની હિમાયત કરે છે, પાકિસ્તાન સિક્યોરિટી કાઉન્સિલના કામમાં સિદ્ધાંતવાદી અને સંતુલિત અભિગમ લાવશે. યુનાઈટેડ નેશન્સના શાંતિ પ્રયાસોમાં પાકિસ્તાનનું યોગદાન મહત્ત્વનું રહેશે. ઉલ્લેખનીય છે, અગાઉ પણ પાકિસ્તાન ૨૦૧૨-૧૩, ૨૦૦૩-૦૪, ૧૯૯૩-૯૪, ૧૯૮૩-૮૪, ૧૯૭૬-૭૭, ૧૯૬૮-૬૯ અને ૧૯૫૨-૫૩માં UNSCનો અસ્થાયી સભ્ય રહી ચૂક્યું છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનને ઊંડા ઘા આપ્યા છે. હવે તે યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલનો અધ્યક્ષ બનીને આનો બદલો લઈ શકે છે. એવી આશંકા છે કે આ મહિના દરમિયાન, પાકિસ્તાન ભારત વિરુદ્ધ એક બેઠક કરવાનો પ્રયાસ કરી શકે છે. UNSCનું પ્રમુખપદ મેળવ્યા પછી, તે ભારત વિરુદ્ધ જૂઠું બોલીને લાભ લેવાનો પ્રયાસ કરી શકે છે. જોકે, ભારત પણ યોગ્ય જવાબ કેવી રીતે આપવો તે જાણે છે અને સમય સમય પર તેનો ખુલાસો કરતું રહે છે.

## પાકે. ભારતને સિંધુ જળ સંધિ બહાલ કરવા કર્યો આગ્રહ

એજન્સી દ્વારા

નવીદિલ્હી

પાકિસ્તાને સોમવારે (૩૦મી જૂન) ભારતને સિંધુ જળ સંધિ ફરી શરુ કરવા અપીલ કરી છે. જેને ભારતે પહેલગામ આતંકી હુમલા બાદ સ્થગિત કરવાની જાહેરાત કરી હતી. હવે પાકિસ્તાનનું કહેવું છે કે, હેગ સ્થિત પરમેનન્ટ કોર્ટ ઑફ આર્બિટ્રેશન(PCA)ના તાજેતરના ચુકાદાથી જાણવા મળ્યું છે કે આ કરાર હજુ પણ માન્ય અને કાર્યક્ષમ છે.અહેવાલો અનુસાર, સિંધુ જળ સંધિની જોગવાઈઓ હેઠળ બે જળવિદ્યુત પ્રોજેક્ટ્સની ડિઝાઈનના કેટલાક પાસાઓ પર પાકિસ્તાને વાંધો ઊઠાવ્યા બાદ પીસીએમાં કાર્યવાહી શરુ કરવામાં આવી હતી, જેને ભારતે ક્યારેય માન્યતા આપી નથી.

ભારતે આ નિર્ણયને સખત શબ્દોમાં નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે, 'પાકિસ્તાન સાથેના વિવાદ નિરાકરણ માટેના કહેવાતા માળખાને ક્યારેય માન્યતા આપી નથી.'પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે સોમવારે (૩૦મી જૂન) જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, '૨૭મી જૂનના રોજ પીસીઓ દ્વારા આપવામાં આવેલ પૂરક ચુકાદો "પાકિસ્તાનના વલણને ફરીથી સમર્થન આપે છે કે સિંધુ જળ સંધિ માન્ય અને કાર્યરત છે, અને ભારતને તેના સંદર્ભમાં એકપક્ષીય કાર્યવાહી કરવાનો કોઈ અધિકાર નથી."

## તંત્રીની કલમે.................

# તોફાની સમુદ્રમાં સ્થિર જહાજ

ભૂરાજકીય તંગદિલી અને વેપારનીતિની અનિશ્ચિતતાઓને પરિણામે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની હાલત તોફાની સમુદ્ર જેવી થઇ ગઈ છે, પરંતુ ભારતનું જહાજ તેમાં સ્થિર ગતિએ આગળ વધી રહ્યું છે. મે મહિનામાં વિશ્વના ટોચના દેશો કરતાં ભારતમાં આર્થિક ગતિવિધિઓ ઘણી બહેતર હતી એમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના માસિક બુલેટિનમાંનો એક લેખ જણાવે છે. લેખકો ધ્યાન દોરે છે કે, મે મહિનામાં આર્થિક પ્રવૃત્તિઓના ત્વરિત નિર્દેશાંકો સંગીન હતા. ઉદ્યોગોમાં ક્ષમતાનો વપરાશ લાંબાગાળાની સરેરાશ કરતાં વધુ હતો. જીએસટી ઈ-વે બિલ્સમાં ૧૮.૯ ટકાનો, જીએસટીની આવકમાં ૧૬.૪ ટકાનો, ટોલની આવકમાં પણ ૧૬.૪ ટકાનો, ડિજિટલ પેમેન્ટની સંખ્યામાં ૨૭.૫ ટકાનો અને મૂલ્યમાં ૧૨.૯ ટકાનો વધારો નોંધાયો છે. તે મહિનામાં અમેરિકા, યુરોઝોન અને ચીનમાં નિકાસ ઓર્ડરોમાં ઘટાડો થયો હતો, જ્યારે ભારતના નિકાસ ઓર્ડરોમાં વધારો નોંધાયો હતો. ભારતનો કોમ્પોઝિટ ઈન્ડેક્સ મે મહિનામાં ૫૯ હતો, જે ૫૧.૨ની વૈશ્વિક સરેરાશ કરતાં તેમજ અમેરિકા, ચીન અને યુરોઝોન કરતાં વધારે છે. કૃષિ મોરચે ખરીફપાકનું વાવેતર સારું રહેવાના સંકેત છે. જો કે, વરસાદની ભૌગોલિક અને સામાયિક વહેંચણી કેવી રહે છે તે જોવાનું છે. છૂટક ભાવોનો ફુગાવો રિઝર્વ બેંકના ચાર ટકાનાં લક્ષ્યની અંદર આવ્યો છે. એપ્રિલમાં કુલ સીધું વિદેશી મૂડીરોકાણ (ગ્રોસ એફડીઆઈ) એપ્રિલમાં ૮.૮ અબજ ડોલર અને ચોખ્ખું એફડીઆઈ ૩.૯ અબજ ડોલર હતું, જે ગત વર્ષે ૭.૨ અબજ ડોલર અને માર્ચ ૨૦૨૫માં ૫.૯ અબજ ડોલર હતું. રિઝર્વ બેંકની વિદેશી મુદ્રાની અનામતો આશરે ૬૯૯ અબજ ડોલર છે, જે ૧૧ મહિનાની આયાતને પહોંચી વળવા માટે પૂરતી છે. સામે પક્ષે બેંક ધિરાણની વાર્ષિક વૃદ્ધિ ૩૦ મે, ૨૦૨૫ના ૯.૯ ટકા હતી, જે ગત વર્ષે ૧૬.૨ ટકા હતી. લેખમાં વ્યક્ત થયેલા અભિપ્રાયો લેખકોના અંગત મંતવ્યો છે, રિઝર્વ બેંક તેની સાથે સંમત હોય જ એવું જરૂરી નથી. રિઝર્વ બેંકના નિષ્ણાત અર્થશાસ્ત્રીઓએ રજૂ કરેલું ચિત્ર એકંદરે ઉત્સાહજનક અને આશાસ્પદ છે, પરંતુ તેઓ નોંધે છે તેમ આગળનો રસ્તો હજી ધૂંધળો અને ખાડા-ટેકરાવાળો છે. લેખના પ્રારંભે જેનો ઉલ્લેખ કર્યો છે તે બે જોખમો ભૂરાજકીય અને વ્યાપારસંબંધી અનિશ્ચિતતા હજી મોજૂદ છે. ઇઝરાયલ અને ઈરાન મને-કમને યુદ્ધવિરામ માટે તૈયાર થયા છે અને અમેરિકા અને ઈરાન વચ્ચે ટૂંક સમયમાં મંત્રણાઓ ફરી શરૂ થવાની છે તેથી દુનિયાએ રાહતનો શ્વાસ લીધો છે, પણ એ ક્યાં સુધી ટકે છે તે અનુમાનનો વિષય છે, કેમ કે, યુદ્ધનાં મૂળ કારણો (ઈરાનપ્રેરિત આતંકવાદ અને ઈરાનનો અણુકાર્યક્રમ) વિશે હજી કોઈ સ્પષ્ટતા નથી. વેપારના મુદ્દે અમેરિકાએ પારસ્પરિક જકાતો ૯૦ દિવસ માટે મોકૂફ રાખી હતી. એ જકાતમોકૂફીની મુદત ૯ જુલાઈના પૂરી થાય છે અને હજી સુધી બ્રિટન સિવાય બીજા કોઈ દેશ અમેરિકા સાથે દ્વિપક્ષી વેપાર કરાર કરી શક્યો નથી. ભારતીય મંત્રણાકારો સમક્ષ અમેરિકા જાતજાતની માગણીઓ મૂકતું જાય છે, જેમાંથી કેટલીક ભારત સ્વીકારી શકે એમ નથી. એકંદરે ભારત વિકાસના પથ પર સાબૂત કદમે ચાલી રહ્યું છે, પણ તેણે પાર કરવાનો રસ્તો કપરો અને વિઘ્નોથી ભરેલો છે.



# ઉમરાઓ જાન માટે સ્મિતા પાટીલ પહેલી પસંદ હતી

એજન્સી દ્વારા

મુંબઈ

રેખાની અતિ લોકપ્રિય ફિલ્મ 'ઉમરાવ જાન' રિલીઝ થઈ એને આજે ૪૪ વર્ષ થઈ ગયા છે, છતાં એ ફિલ્મની લોકપ્રિયતા અકબંધ છે.

મુઝફ્ફર અલીએ આ ફિલ્મ ડિરેક્ટ કરી હતી, તેમણે ૨૭ જુને આ ફિલ્મ ફરી રિલીઝ કરી છે. ત્યારે તેમણે મુઝફ્ફર અલીએ આ ફિલ્મ માટે રેખાની પસંદગી, ફિલ્મના સંગીત અને ફિલ્મના શૂટિંગ અંગે એક ઈન્ટર્વ્યુમાં વાત કરી છે. રેખાની પસંદગી અંગે મુઝફ્ફર અલીએ જણાવ્યું, "શરૂઆતમાં, મેં સ્મિતા પાટીલનો વિચાર કર્યો હતો. એણે મારી સાથે ગમનમાં કામ કર્યુ હતું અને તેણે આ ફિલ્મમાં પણ ઘણું સારું કામ કર્યું હોત. પરંતુ પછી અમે વિચાર્યું કે અમારે કોઈ વધુ આકર્ષક વ્યક્તિની જરૂર છે. અંતે, રેખાની નજર અને અદા કામ કરી ગયાં. જ્યારે મેં પાત્ર વાંચ્યું અને તેને જીવ્યો અને સલમા સિદ્દીકીના અવાજમાં રેકોર્ડ થયેલી ફિલ્મ વારંવાર સાંભળી, એમાં રેખા જ દેખાઈ. એની આંખોમાં એ તાકાત હતી, જે એક સાથે ચડાવ અને ઉતારની વાર્તા કહી શકે. રેખાએ જે કર્યુ એ મને નથી લાગતું બીજો કોઈ કરી શક્યા હોત."મુઝફ્ફર અલીએ એવું પણ કહ્યું કે તમારામાં લોકોને થિએટર સુધી ખેંચી લાવવાની ક્ષમતા હોવી જોઈએ. "તેની પોતાની સુંદરતા ફિલ્મ ટકી શકવી જોઈએ. આપણે ત્યાં એક ખોટી માન્યતા છે કે પહેલાં કે બીજા અઠવાડિયામાં આપણે ઘણા પૈસા કમાઈ લીધાં છે, પરંતુ શું એ ફિલ્મ આવનારા ૪૪ વર્ષ સુધી જીવંત રહેશે? તમારામાં એ કરવાનો જુસ્સો હોવો જોઈએ. કદાચ તમારે પૈસા કમાવા માટે મોટા નામને કાસ્ટ કરવા પડશે, પણ એનાથી કદાચ જ કોઈ ફરક પડે છે."સામાજિક નિસબત સાથેને અને ઊંડા પાત્રો, જે ઘણી વખત જોખમી ગણાય છે એવા વિષયો સાથે ફિલ્મ બનાવવા માટે જાણીતા મુઝફ્ફર અલી કહે છે, "હું મારું મન કહે એમ કરું છું. હું એક ચિત્રકાર છું જે દુનિયાને અલગ રંગથી જુએ છે, જેને કવિતામાંથી પ્રેરણા મળે છે અને જે સંગીતથી ભરપુર છે, તેનાથી જેને નૃત્ય કરવાની પ્રેરણા મળે છે.

# યુપીમાં સુહાગરાતના દિવસે જ પત્નીએ પતિની કરી હત્યા

એજન્સી દ્વારા

કુશીનગર, તા.૦૧

ઉત્તરપ્રદેશના કુશીનગરના સુકરૌલીના મઝના નાળાની પાસે છઠ્ઠી જૂને જબલપુરના એક યુવકની હત્યા કરીને લાશ ફેંકી દેવાઈ હતી. આ મામલાનો ખુલાસો ત્રણ અઠવાડિયા પછી પોલીસે કર્યો છે.

એક મહિલા સહિત ત્રણ લોકોની ધરપકડ કરાઈ છે. હત્યાનું કારણ યુવકની સાથે બોગસ લગ્ન કરીને તેની ૧૮ એકર જમીન પચાવી પાડવાનું હતું. જિલ્લા પોલીસ વડા સંતોષ કુમાર મિશ્રાએ જણાવ્યું કે સુકરૌલીમાં મળેલા મૃતદેહની ઓળખ અને ઘટનાના મૂળ સુધી પહોંચવા માટે ત્રણ ટીમ બનાવી હતી. છેવટે મૃતકનું નામ ઈન્દ્રકુમાર તિવારી (૪૫) અને તે મધ્યપ્રદેશના જબલપુર જિલ્લાના પડવાર ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ પૂછપરછમાં આરોપી મહિલા સાહિબા બાનો ઉર્ફે ખુશી તિવારીએ જણાવ્યું કે તેની ઓળખ સોશિયલ મીડિયા થકી દેવરિયાના કૌશલ ગૌંડ સાથે થઈ હતી. સાહિબા અને કૌશલે પ્રેમલગ્ન કર્યા અને પછી ગોરખપુરમાં એક ભાડાના રૂમમાં રહેવા માંડ્યા. એક દિવસ બંનેએ સોશિયલ મીડિયા પર ઈન્દ્રકુમાર તિવારીનો એક વાયરલ વીડિયો જોયો હતો, જેમાં ઈન્દ્ર તિવારી કહી રહ્યો છે કે ૧૮ એકર જમીન હોવા છતાં પણ પોતાના લગ્ન થઈ રહ્યા નથી.

આ સાંભળીને સાહિબા અને કૌશલે ઈન્દ્રકુમાર સાથે બોગસ લગ્ન કરીને તેની સંપત્તિ પડાવી લેવાનો પ્લાન બનાવ્યો હતો. પ્લાન મુજબ, કૌશલ એક દિવસ ઈન્દ્રકુમાર તિવારીને મળવા જબલપુર પહોંચ્યો અને ત્યાં તેણે સાહિબાની ખુશી તિવારી તરીકેની ઓળખ આપીને પોતાની બહેન ગણાવી હતી. પછી લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. ત્યાર પછી સાહિબા અને ઈન્દ્ર કુમાર કેટલાક દિવસ સુધી ફોન પર વાતચીત કરતા રહ્યા.આરોપી સાહિબાએ પોલીસ સમક્ષ કબૂલાત કરી કે તેણે કૌશલ અને સમસુદ્દીનની મદદથી ઈન્દ્ર કુમારની હત્યાનું ષડયંત્ર રચ્યું હતું.

# ઘેલા સોમનાથ મહાદેવ મંદિરમાં; ૧૦ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ પ્રોજેક્ટની તૈયારી : સાઉન્ડ શો સહિત વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાશે

પ્રતિનિધિ દ્વારા

રાજકોટ

ગુજરાતની આગવી ઓળખ સમા ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા મંદિરો અને શિલ્પો-સ્થાપત્યોના સાંસ્કૃતિક વારસાનું જતન કરવા માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ રહી છે. ત્યારે સૌથી ઐતિહાસિક, પૌરાણિક તેમજ સાંસ્કૃતિક મહત્વ ધરાવતા તથા દેશના દ્વાદશ જ્યોતિર્લિંગોમાં પ્રથમ સોમનાથ મહાદેવનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આ વિકાસ કાર્યોમાં વધુ એક સોપાન ઉમેરી સોમનાથનો પડછાયો ધરાવતા તથા ઐતિહાસિક શૌર્યના સાંસ્કૃતિક પ્રતીક સમા સૌરાષ્ટ્રમાં સોમપિપળિયા ખાતે આવેલા સાડા પાંચસો વર્ષ જુના ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના વિકાસના પ્રોજેક્ટને આગળ વધારવાની તૈયારીઓ સરકારે દર્શાવી છે.મુઘલ આક્રમણકારીઓ સામે ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ કાજે બલિદાન આપીને એક શિવલિંગનું રક્ષણ કરવા માટે અભૂતપૂર્વ શૌર્ય દાખવનારાઓની યશોગાથા સમાન ઘેલા સોમનાથ મહાદેવનું મંદિર સૌરાષ્ટ્રમાં રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકામાં સોમપિપળિયા ખાતે આવેલું છે, જેનો ઈતિહાસ આશરે સાડા પાંચસો વર્ષ જૂનો મનાય છે. સાંસ્કૃતિક પ્રતીક સમા આ મંદિરમાં સંરક્ષણ-જીર્ણોદ્ધાર તથા શ્રદ્ધાળુઓની સુવિધા માટે અંદાજે રૂ. ૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યો તો ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યા છે.

ઘેલા સોમનાથ મહાદેવ મંદિરનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ સમજી અહીં નવીનીકરણ-આધુનિકીકરણ પ્રોજેક્ટ હેઠળ મહત્વના વિકાસ કાર્યો થવાના છે, જેમાં ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળોની જેમ જ હવે ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ થવાનો છે. અંદાજે રૂ. ૪ કરોડના ખર્ચે લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો સૌથી મહત્વનો પ્રોજેક્ટ છે. લેઝર એન્ડ સાઉન્ડ શોની કામગીરી માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવી છે અને તેણે કામગીરી શરૂ કરી દીધી છે.ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી મળતી માહિતી મુજબ, ઘેલા સોમનાથ મહાદેવ સંકુલ ખાતે લેઝર એન્ડ સાઉન્ડ શો ઉપરાંત મુખ્ય માર્ગ પર રેમ્પના પગથિયા, બંને બાજુ લેન્ડસ્કેપ સાથે, શિવજીના જન્મકથાથી શરુ કરી જીવનના વિવિધ તબક્કાઓ દર્શાવતા શિલ્પો અને શિવજીના વિવિધ સ્વરૂપોના પથ્થરના ચિત્રપટ મૂકવામાં આવશે.તદુપરાંત, ફ્રન્ટ રોડ સાઈડ કમ્પાઉન્ડ, વૉલમાં શણગારાત્મક પથ્થરની કમાન તથા શિવ મહાત્મ્યનું ચિત્રપટ પેઈન્ટિંગ, મુખ્ય મંદિરની સામે મીનળદેવી ટેકરીના પાયાની તળેટી ખાતે શોપિંગ સેન્ટર તેમજ પાર્કિંગ તૈયાર કરવામાં આવશે. આ સાથે હાલ યાત્રાળુઓ માટે પરિસરમાં બેસવાની જગ્યામાં વધારો થશે અને શોપિંગ માટે હાલ રસ્તાની બંને તરફ દુકાનો બનાવવામાં આવશે.

### *IMF લોન બાદ 'નાપાક' દેશની કાળી મુરાદને વધુ એક પ્રોત્સાહન*

# ચીને પાકિસ્તાનને આપેલી ૩.૪ અબજ ડોલરની લોન પાછી ખેંચી

બિજિંગ

ચીને ફરી એકવાર પાકિસ્તાનને આર્થિક સંકટમાંથી બચાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. એક આર્થિક અહેવાલ મુજબ, ચીને પાકિસ્તાનને ૩.૪ અબજ ડોલરની લોન પાછી ખેંચી છે. આ સાથે, મધ્ય પૂર્વ બેંકો અને અન્ય બહુપક્ષીય નાણાકીય સંસ્થાઓ પાસેથી તાજેતરમાં મળેલી લોનથી પાકિસ્તાનનો વિદેશી હૂંડિયામણ ભંડાર ૧૪ અબજ ડોલર થઈ ગયો છે. આ સમાચાર પાકિસ્તાનના અર્થતંત્ર માટે રાહતથી ઓછો નથી, જે લાંબા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે.ચીન હંમેશા પાકિસ્તાન માટે એક વિશ્વાસુ મિત્ર રહ્યું છે અને આ વખતે પણ તેણે તેની મિત્રતા પૂર્ણ કરી છે. અહેવાલ મુજબ, ચીને ૨.૧ અબજ ડોલરની લોન પાછી ખેંચી છે, જે છેલ્લા ત્રણ વર્ષથી પાકિસ્તાનની સેન્ટ્રલ બેંકના ભંડારમાં હતી. આ ઉપરાંત, પાકિસ્તાને બે મહિના પહેલા ચૂકવેલી $1.3 બિલિયનની બીજી વાણિજ્યિક લોનને પણ ચીન દ્વારા ફરીથી ફાઈનાન્સ કરવામાં આવી છે. આ પગલું પાકિસ્તાન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તેના વિદેશી હૂંડિયામણ ભંડાર પર સતત દબાણ છે.ચીન તરફથી આ ટેકો એવા સમયે આવ્યો છે જ્યારે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) ના કડક નિયમો અને શરતો હેઠળ તેની અર્થવ્યવસ્થાને સ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. સૂત્રએ જણાવ્યું હતું કે આ રોલઓવર સાથે, પાકિસ્તાનનો વિદેશી હૂંડિયામણ ભંડાર હવે $14 બિલિયનના લક્ષ્યાંક સુધી પહોંચી ગયો છે, જે IMF એ ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં એટલે કે ૩૦ જૂન સુધીમાં નક્કી કર્યો હતો.ચીન તરફથી આ મદદ પહેલા, પાકિસ્તાનને મધ્ય પૂર્વની વાણિજ્યિક બેંકો પાસેથી ઈં૧ બિલિયન અને કેટલીક બહુપક્ષીય નાણાકીય સંસ્થાઓ પાસેથી $500 મિલિયન પણ મળ્યા છે. પાકિસ્તાન સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ બધી લોન અને ચુકવણી સમય લંબાવવાને કારણે, પાકિસ્તાનનો વિદેશી હૂંડિયામણ ભંડાર હવે IMF ના માપદંડોની નજીક છે.

આ નાણાં પાકિસ્તાનની આર્થિક સ્થિતિ સુધારવામાં ખૂબ મદદરૂપ સાબિત થશે, કારણ કે છેલ્લા કેટલાક વર્ષોથી પાકિસ્તાનની અર્થવ્યવસ્થા ખૂબ દબાણ હેઠળ હતી.

પાકિસ્તાન સરકારે તેની અર્થવ્યવસ્થા સુધારવા માટે ઘણા પગલાં લીધાં છે, જેમ કે કર સુધારા, સબસિડીમાં ઘટાડો અને વીજળી અને પાણી ક્ષેત્રમાં ફેરફાર. આ બધા IMFના $7 બિલિયનના સહાય પેકેજ હેઠળ કરવામાં આવ્યા છે. આ પેકેજે પાકિસ્તાનને આર્થિક સંકટમાંથી બહાર આવવામાં ઘણી મદદ કરી છે પરંતુ તેની કેટલીક કડક શરતો પણ છે, જે પૂર્ણ કરવી સરળ નથી.

છેલ્લા કેટલાક વર્ષોમાં, પાકિસ્તાનના વિદેશી હૂંડિયામણ ભંડારમાં ઘણો ઘટાડો થયો હતો, જેના કારણે દેશને ઘણી વખત લોન ચૂકવવામાં મુશ્કેલી પડી હતી. IMFએ પાકિસ્તાનને કહ્યું હતું કે તેનો વિદેશી હૂંડિયામણ ભંડાર ઓછામાં ઓછા $14 બિલિયનથી વધુ હોવો જોઈએ. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે, ચીન દ્વારા કરવામાં આવેલ લોન રોલઓવર અને મધ્ય પૂર્વમાંથી મળેલી મદદ ખૂબ જ મહત્વપૂર્ણ હતી. ચીન અને મધ્ય પૂર્વની મદદથી, પાકિસ્તાનના વિદેશી હૂંડિયામણ ભંડારમાં વધારો થયો છે એટલું જ નહીં, પરંતુ તે IMFની શરતોને પણ પૂર્ણ કરી શકશે.

### *દિલ્હીમાં પિતા બન્યો હેવાન*

# વરસાદમાં બહાર ન્હાવા જવાની જીદ કરી રહેલા પુત્રને મારી નાંખ્યો

એજન્સી દ્વારા

નવી દિલ્હી

રાજધાની દિલ્હીમાં એક પિતાએ પોતાના જ પુત્રની હત્યા કરી છે. માહિતી અનુસાર, પુત્ર વરસાદમાં બહાર રમવા માટે બહાર જવા માટે આગ્રહ કરી રહ્યો હતો. પિતાએ તેને મનાઈ કરી. તેમ છતાં પુત્રએ ન સાંભળ્યું. આ પછી, પિતા ગુસ્સે થઈ ગયા અને પોતાના જ પુત્ર પર છરીથી હુમલો કર્યો. પિતાએ રસોડામાં રાખેલ છરી ઉપાડી અને પુત્રની છાતીમાં છરી મારી દીધી. જોકે, જ્યારે તેને આ વાત સમજાઈ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું.

ઘટના પછી પિતા પોતે પોતાના પુત્ર સાથે હોસ્પિટલ દોડી ગયા, પરંતુ હોસ્પિટલ પહોંચતા પહેલા પુત્રનું મૃત્યુ થયું. પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી છે. આખો મામલો દિલ્હીના સાગરપુર વિસ્તારનો છે. અહીં એક પિતાએ પોતાના ૧૦ વર્ષના માસૂમ બાળકને છરીના ઘા મારીને મારી નાખ્યો. કારણ એ હતું કે બાળક વરસાદમાં બહાર જવા માંગતો હતો અને પિતાએ ના પાડી દીધી. આ ઘટનાથી વિસ્તારના લોકો પણ ગભરાઈ ગયા છે કે આટલી નાની વાત પર પિતા પોતાના જ બાળકને કેવી રીતે ક્રૂરતાથી મારી શકે છે. મળતી માહિતી મુજબ, આરોપી સાગરપુર વિસ્તારમાં ભાડાના રૂમમાં રહેતો હતો અને મજૂરી કામ કરે છે.

આરોપીને ચાર બાળકો છે, જ્યારે તેની પત્નીનું થોડા વર્ષો પહેલા મૃત્યુ થયું હતું. રવિવારે તેનો ૧૦ વર્ષનો બાળક બહાર રમવાનો આગ્રહ કરવા લાગ્યો.

બહાર વરસાદ પડી રહ્યો હતો. તેથી પિતાએ ના પાડી, પરંતુ જ્યારે બાળક માન્યું નહીં, ત્યારે ગુસ્સામાં પિતાએ રસોડામાં રાખેલ છરી ઉપાડી અને પુત્રની છાતીમાં ઘા કર્યો. જોકે ઘટના પછી પિતાએ તરત જ તેને ઉપાડ્યો અને હોસ્પિટલ દોડી ગયા, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. હોસ્પિટલ પહોંચતા પહેલા બાળકનું મોત નીપજ્યું. હોસ્પિટલ દ્વારા પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી. પોલીસે આ અંગે કેસ નોંધ્યો છે. આ ઉપરાંત મૃતક બાળકના પિતાની ધરપકડ કરવામાં આવી છે.

# રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે ૨૦ વર્ષ પછી એક મંચ ઉપર આવશે

એજન્સી દ્વારા

મુંબઈ

મહારાષ્ટ્ર સરકારે ત્રણ ભાષાના જીઆર રદ કર્યા છે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે સરકારના આ નિર્ણયને પોતાની જીત તરીકે રજૂ કરી રહ્યા છે. હવે આ નિર્ણય પછી, રાજ ઠાકરેની પાર્ટી મનસે અને ઉદ્ધવ ઠાકરેની પાર્ટી શિવસેના (યુબીટી) સંયુક્ત જાહેર સભા કરવા જઈ રહી છે. આ જાહેર સભા મહારાષ્ટ્રના રાજકારણ પર પણ અસર કરી શકે છે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી એવી અટકળો ચાલી રહી હતી કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે એકસાથે આવી શકે છે.

રાજ-ઉદ્ધવની સંયુક્ત જાહેર સભાનું સ્થળ નક્કી થઈ ગયું છે. જાહેર સભા ૫ જુલાઈએ મુંબઈના વરલી ડોમ ઓડિટોરિયમમાં યોજાશે. આ જાહેર સભાને 'મરાઠી વિજય દિન' નામ આપવામાં આવ્યું છે. જોકે, આ જાહેર સભા દરમિયાન, કોઈપણ પક્ષનો ધ્વજ કે પોસ્ટર લગાવવામાં આવશે નહીં. ૨૦ વર્ષ પછી, રાજ અને ઉદ્ધવ ઠાકરે એક જ મંચ પર જોવા મળશે. તેથી, આ જાહેર સભાને ભવ્ય બનાવવા માટે જોરશોરથી તૈયારીઓ કરવામાં આવી રહી છે.

### *અખિલેશ યાદવે યુપી સરકાર પર કર્યા પ્રહારો*

# ભાજપના જેટલા પણ 'એન્જિન' છે, બધા 'ઈંધણ'ની જોગવાઈમાં લાગેલા છે

એજન્સી દ્વારા

લખનૌ




સમાજવાદી પાર્ટી (સપા)ના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે કેન્દ્ર અને રાજ્યમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર તીખો પ્રહાર કરતાં કહ્યું કે સત્તાધારી પક્ષના જેટલા પણ 'એન્જિન' છે, બધા 'ઈંધણ'ની જોગવાઈમાં લાગેલા છે. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી યાદવે એવો પણ આરોપ લગાવ્યો કે ભાજપના શાસનમાં વેપાર આર્થિક-સામાજિક આપાતકાળના દોરમાંથી પસાર થઈ રહ્યો છે અને આ વેપારીઓ પર નવા પ્રકારની 'ઇમરજન્સી' છે.

"કહેવા માટે તો આ સરકાર 'ડબલ એન્જિન'ની છે અને ભારતીય જનતા પાર્ટીના લોકો ક્યારેય એમ કહેતા થાકતા નથી કે આ 'ડબલ એન્જિન'ની સરકાર છે." તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે તેમની કામ કરવાની રીત જુઓ તો સત્ય બહાર આવી જશે અને આજે સરકારમાં દરેક એન્જિન ઈંધણની જોગવાઈમાં લાગેલું છે.યાદવે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી બાદ સપાની સરકાર બનવાની આશા વ્યક્ત કરતાં કહ્યું કે તેમનો પક્ષ સત્તામાં આવશે તો વેપારીઓની સુરક્ષા અને સન્માન માટે તેમજ તેમના વ્યવસાયને સરળતા આપવા માટે પગલાં લેશે. સપા પ્રમુખે માલ અને સેવા કર (જીએસટી) સહિત કર પ્રણાલીને લઈને સત્તાધારી પક્ષની ટીકા કરતાં કહ્યું કે ભાજપે સમયાંતરે વેપારીઓને એવો ભરોસો આપ્યો કે કરોના સરળીકરણથી વેપારને ફાયદો થશે, પરંતુ સત્ય એ છે કે આ કાયદાઓએ વેપારીઓને ગૂંચવ્યા છે અને ખોટી નીતિઓના કારણે વેપાર સંકટમાં આવી ગયો છે.પૂર્વ મુખ્યમંત્રીએ સરકાર પર આરોપ લગાવ્યો, "આ 'ટેક્સ સિસ્ટમ' વેપારીઓમાં ભય પેદા કરી રહી છે. જીએસટીના જૂના અને ખોટા નોટિસ સપાની વિચારધારાને માનનારા વેપારીઓને મોકલવામાં આવી રહ્યા છે. કેસોના નિવારણના નામે ઉઘરાણીનું આખું તંત્ર કામ કરી રહ્યું છે."યાદવે આરોપ લગાવ્યો કે સરકાર વચેટિયાઓની આવક કેવી રીતે વધે તે માટે નિર્ણયો લઈ રહી છે. તેમણે દાવો કર્યો કે કેટલાક "ભાજપાઈ નફાખોરો"ના કારણે મોટા વેપારીઓની છબી ખરાબ થઈ રહી છે. સપા પ્રમુખે એવો પણ દાવો કર્યો કે ભાજપની "ચંદા નીતિ"ના કારણે દરેક જગ્યાએ "નજરાણા" ઉઘરાવવામાં આવી રહ્યો છે અને તેનાથી મોંઘવારી વધી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે હવે કોઈ રોકાણ કરવા ઈચ્છે તો તેની પાસેથી પણ 'એડવાન્સ કમિશન'ની માગણી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું, "સરકારે અત્યાર સુધી ટોચના માફિયાઓની યાદી જાહેર કરી નથી. જો રાજ્યમાં માફિયાઓની યાદી નથી આવી શકતી, તો જિલ્લાવાર માફિયાઓની યાદી બની જાય."

# પ્રાણીમાત્રના કલ્યાણ તથા પર્યાવરણના પંચદેવને પ્રસન્ન કરવાનું એકમાત્ર સાધન છે યજ્ઞ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

ભુજ

પર્યાવરણની શુદ્ધિ તથા સંતુલન, સમસ્ત જીવના કલ્યાણ અર્થે તેમજ શ્રીકાર વરસાદની શુભભાવના સાથે ભુજના સુંદરમનગર ખાતે સમસ્ત જીવકલ્યાણ સમિતિ તથા આર્ય સમાજ દ્વારા સાત દિવસીય વર્ષા મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ યજ્ઞમાં આહુતિ આપીને આ મહા યજ્ઞનો શુભારંભ કરાવ્યો હતો. લોકકલ્યાણની કામના કરીને આહુતિ આપતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રકૃતિના પ્રકોપથી બચવા ઈશ્વરીય વ્યવસ્થામાં જીવનદાતા તત્વોનું દોહન અટકાવીને તેને પુષ્ટ કરવા એ આજની જરૂરીયાત છે.



(તસવીર - અહેવાલ :- ગાંધીનગર માહિતી ખાતા દ્વારા)

પર્યાવરણના પંચદેવતાઓને પ્રસન્ન કરવાનું એકમાત્ર સાધન યજ્ઞ છે. કારણ કે, યજ્ઞમાં આહુત થનાર પદાર્થ નષ્ટ નથી થતો પરંતુ પદાર્થવિદ્યા મુજબ પરમાણુકૃત થઈને વાતાવરણમાં ભળે છે. પ્રાણીમાત્રના કલ્યાણના સાધન સમાન યજ્ઞને ફરી અપનાવવાના આહ્વાન સાથે ઘર ઘર યજ્ઞની પરંપરા શરૂ કરવા રાજ્યપાલશ્રીએ અનુરોધ કર્યો હતો. યજ્ઞ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. દાનવોથી યજ્ઞોની રક્ષા શ્રી રામે કરી હોવાનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાચીન ભારતમાં વિવિધ કામનાપૂર્તિ માટે રાજાઓ યજ્ઞો કરતા હોવાનું જણાવી યજ્ઞોને માત્ર ધાર્મિક નહી પરંતુ વૈજ્ઞાનિક કર્મ ગણાવ્યું હતું. તેમણે આયોજકોને વિશ્વ કલ્યાણ તથા પર્યાવરણના સતુંલન માટે કરાતા આ યજ્ઞકર્મ બદલ અભિનંદન આપતાં ઉમેર્યું હતું કે, વેદોમાં યજ્ઞને દુનિયામાં સૌથી શ્રેષ્ઠતમ કર્મ ગણાવ્યું છે, તે પવિત્ર, પુણ્યદાતા છે.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ પર્યાવરણ રક્ષા અને વર્ષા મહાયજ્ઞમાં રૂ. ૨.૫૧ લાખનું દાન જાહેર કરીને જનહિત માટે કરાતા આ સમગ્ર આયોજનને અભિનંદન આપ્યા હતા.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ આર્યસમાજના સ્થાપક સ્વામીશ્રી દયાનંદ સરસ્વતીને યાદ કરતાં જણાવ્યું હતું કે, સ્વામી દયાનંદજીએ લોકોને વેદો તરફ પાછા વાળવા સાથે હિંદુઓને કુરીતીથી દુર કર્યા હતા. ઉપરાંત સ્વામીજીએ ગૌ કૃષિ રક્ષિણી સભાની સ્થાપના કરીને ભારતના આર્થિક મજબુતિકરણ માટે ગાય આધારિત ખેતી પર ભાર મુક્યો હતો. જે તેમની દીર્ધદષ્ટિ સૂચવે છે.

રાજ્યપાલશ્રીએ રાસાયણિક ખેતીને રોગોની જનની ગણાવીને તેના કારણે જમીન, હવા, પાણીને થયેલા નુકશાનને સમજાવતાં ખેડૂતોને ગૌ-આધારિત ખેતી અપનાવવા પર ભાર મુક્યો હતો. આ સાથે જ ગ્લોબલ વોર્મીંગ સહિતના અનેક પ્રશ્નોને નાથવા દરેક નાગરિકને વ્યકિતગત કે સામાજિક કે ધાર્મિક પ્રસંગોએ વૃક્ષો વાવવા તથા તેનો ઉછેર કરવા સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે યજ્ઞનો ત્રિવિધ અર્થ સમજાવતાં દેવપુજા, સંગતિકરણ તથા દાનનો મહિમા સમજાવીને તેમાંથી શીખ લઈને જીવનમાં પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, દેવપૂજામાં જડ અને ચેતન બંને દેવોનો સમાવેશ થાય છે. જીવનદાતા પ્રકૃતિ તત્વોને તેમણે દેવતાગણીને તેના જતન માટે કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. યજ્ઞનો બીજો ઉપદેશ સંગતીકરણ અને ત્રીજો ઉપદેશ દાનનો મહિમા વર્ણવતા નાગરિકોને એકતા, પારિવારીક ભાવના સાથે રહીને દેવસમાન માતા-પિતા, વડીલો તથા ગાય સહિતની કરાતી અવગણનાને અનુચિત ગણાવીને ભારતીય પરંપરા મુજબ તેમને સન્માન આપવા, તેમની સેવા કરવા અને તેમને સાથે રાખવાની શીખ આપી હતી.

આ યજ્ઞમાં આગેવાનો શ્રી વસંતકુમાર ઠક્કર, શ્રી પ્રભુલાલ ધોળુ, શ્રી છગનલાલ ધોળુ, શ્રી દીપક પટેલ, શ્રી જયદીપ પટેલ, શ્રી અલ્પેશ પટેલ તથા પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી વિકાસ સુંડા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, પ્રાંત અધિકારીશ્રી ડૉ. અનિલ જાદવ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરની ધોળાકુવા, સેકટર-૩ અને ૬ની શાળાઓમાં ભૂલકાઓને વિદ્યારંભ કરાવતા મંત્રી ભાનુબેન બાબરીયા

ગાંધીનગર

સમગ્ર ગુજરાતમાં ત્રિદિવસીય શાળાપ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો રાજ્યવ્યાપી પ્રારંભ થયો છે. આજે બીજા દિવસે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગરની ધોળાકુવા, સેકટર-૩ અને ૬ની પ્રાથમિક શાળાઓમાં ભૂલકાઓનો વિદ્યારંભ કરાવ્યો હતો.




(તસવીર - અહેવાલ :- ગાંધીનગર માહિતી ખાતા દ્વારા)

ધોળાકુવા પ્રાથમિક શાળામાં ભૂલકાઓએ સાંસ્કૃતિક નૃત્ય અને ગાયન સાથે મંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. મંત્રીશ્રીએ બાળવાટિકામાં પ્રવેશતા ભૂલકાઓને શૈક્ષણિક કીટ ભેટ સ્વરૂપે આપી હતી અને જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ને "સમાજોત્સવ" બનાવવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરવામાં આવી હતી ત્યારે ગામડે ગામડે જઈને તેઓએ બાળકોના શિક્ષણ અને ભવિષ્યની ચિંતા કરી શાળામાં ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવાતા હતા.

મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ વાલીઓને ભારપૂર્વક સૂચન કરતા દીકરીઓનું ભણતર ન અટકાવવા વિનંતી કરી હતી. તેમજ શાળાના શિક્ષકો અને વાલીઓ સાથે પણ બેઠક કરી શાળાની વિવિધ પ્રવૃતિઓ અને શિક્ષણ વિશે માહિતી મેળવી હતી.

ત્યારબાદ મંત્રીશ્રી સેકટર-૩ અને ૬ ખાતેની સાર્વજનિક પ્રાથમિક શાળાએ પહોચ્યા હતા. ભૂલકાઓને સંબોધતા મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, શાળામાં પડેલી નાની પાપા પગલી ભવિષ્યમાં ગુજરાતને વધુ હરણફાળ પ્રગતિમાં ભાગીદાર બનાવવા મદદરૂપ નીવડશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભણતરને ઉત્સવની જેમ ઊજવવાથી ભૂલકાઓના શિક્ષણના ચોક્કસ પાયા સ્થપાશે અને દેશ વિકસિત બનશે.

શાળા પ્રવેશોત્સવના ભાગરૂપે શાળાઓમાં માર્ગ સલામતી અને વ્યસન મુક્ત ભારતના શપથ પણ લેવામાં આવ્યા હતા તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત શાળાના પટાંગણમાં લીંબડાનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૨૭મી જૂનના રોજ આ ત્રણેય શાળાઓમાં આંગણવાડીઓના ૮૩, બાલવાટિકાના ૧૦૨ તેમજ ધોરણ-૧ ના કુલ ૧૫૭ ભુલકાઓ સહિત કુલ ૩૪૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી પ્રવેશોત્સવના બીજા દિવસને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લાના અધિકારીશ્રીઓ, જન પ્રતિનિધિઓ, શાળાના આચાર્યશ્રી-શિક્ષકગણ, આંગણવાડી કાર્યકરો, કોર્પોરેટરશ્રીઓ સહિત શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL